દાખલ તા. ૧૬/૧૨/૨૦૨૩.
રજી.તા. ૧૬/૧૨/૨૦૨૩.
ફેસલ તા. ૨૯/૦૪/૨૦૨૬.

| સમય | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૨ | ૦૪ | ૧૩ |

**મે. દયાપરના પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ.દયાપર-કચ્છ.**

દિવાની દાવા નંબર.૧૦૪/૨૦૨૩.
આંક-

(૧). શેરબાનું ઈસ્માઈલ રાયમા
ઉ.વ-૩૮, ધંધો-ખેતીકામ,
રહે.મુ.કો.વાયોર (ખારાઈ),
તા.લખપત-કચ્છ.

// વાદી

વિરુદ્ધ

(૧). અલ્ટ્રાટેક સિમેન્ટ કં.લી.
અધિકૃત અધિકારી સાહેબશ્રી,
રહે.ખારાઈ,તા.લખપત-કચ્છ. // પ્રતિવાદી

વાદી તર્ફે - વિ.વ.શ્રી.એસ.કે.ધાવરી.
પ્રતિવાદી તર્ફે - વિ.વ.શ્રી.એસ.વી.ગઢવી.

---

**દાવો > ડેક્લેરેશન તથા મનાઈહુકમ અંગે ...**

---

## -:ઠરાવ:-

દાવાની હકીકત:-

(૧). વાદીની ની અરજી ની ટૂંકમાં હકીકત એવી છે કે વાદી કચ્છ જિલ્લાના લખપત તાલુકાના પેટા ગામ ખારાઈ ના રે.સર્વે.નં.૫૬ જમીન હેકટર-૩-૭૨-૦૦ આરે (વાદગ્રસ્ત જમીન) ના માલિક કબજેદાર છે અને સદરહુ જમીન રેવન્યુ ખાતે ખાતા નં.૩૪ થી દાખલ થયેલ છે. પ્રતિવાદી એ વાદીની માલીકીની ખેતીની જમીનમાં થી માટી ઉપાડી લઈ જઈ આવવા જવા માટેના રાજયમાર્ગ પર ખાડો કરી રસ્તો બંધ કરી નાખેલ છે. વાદીએ કલેક્ટર સાહેબ શ્રી ને આ બાબતે અરજી કરેલ હોવા છતાં પ્રતિવાદી અલ્ટ્રાટ્રેક મોટી કંપની હોય કોઈ કાર્યવાહી કરેલ નથી. પ્રતિવાદી ગેરકાયદેસર રીતે અને બળજબરીપૂર્વક વાદગ્રસ્ત જમીન પચાવી પાડવાના મલીન ઇરાદે વાદીને ધાક ધમકી આપી ખેતરમાં થી જતાં રહેવા ધમકી આપેલ છે. આમ પ્રતિવાદીને વાદગ્રસ્ત જમીનમાં કોઈ અધિકાર ના હોવા છતાં ગેરકાયદેસર રીતે પ્રવેશ અંતરાય કરતાં હોય વાદીને પ્રતિવાદી વિરુદ્ધ હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે.

**પ્રતિવાદીનો દાવા જવાબ** :-

(૨). પ્રતિવાદીને દાવા સમન્સ/નોટિસ ની બજવણી થતાં પ્રતિવાદી દાવાના કામે વકીલશ્રી. મારફતે હાજર થયેલ છે અને આંક-૦૭ થી દાવા નો જવાબ રજૂ કરી વાદીના દાવાની પ્રતિવાદી વિરુદ્ધ ની તમામ હકીકતો

નો ઇન્કાર કરી ખરી હકીકતમાં જણાવે છે કે વાદીની જમીન સર્વે નં.૫૬ વાદીની માલીકીની છે તે બાબતે પ્રતિવાદીને કોઈ તકરાર નથી પરંતુ વાદી જે જમીન ઉપર હાથ રાખવા માંગે છે તે વાદીની નથી પરંતુ પ્રતિવાદી સંસ્થા ની છે. વાદીએ ખોટી હકીકત જણાવી દાવો દાખલ કરેલ છે અને દાવાના કામે ખોટી મનાઈ હુકમની અરજી કરેલ છે. વાદીએ વાદગ્રસ્ત જમીન ની ચર્તુદિશા ઈરાદાપૂર્વક અરજીમાં જણાવેલ નથી. વાદીએ પ્રતિવાદીને સરકારશ્રી દ્વારા લીઝ માં મળેલ જમીન ખનીજ મેળવવા ના બદઇરાદે પચાવી પાડવા ખોટી હકીકતો જણાવી ખોટો દાવો દાખલ કરેલ હોય વાડીનો દાવો ખર્ચસહ રદ કરવા અરજ કરેલ છે.

**દાવાના કામે મુદ્દા**:-

(૩). ઉપરોક્ત હકીકતે દાવાના ન્યાયિક નિર્ણય સારું આંક-૧૦ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

(૧). શું વાદી સાબિત કરે છે કે તેઓ દાવાવાળી મિલકતના કાયદેસરના માલિક કબજેદાર છે ?

(૨). શું વાદી સાબિત કરે છે કે પ્રતિવાદીનો દાવાવાળી મિલ્કતમાં કોઈ લાગ, ભાગ, હક્ક, હિત,હિસ્સો અધિકાર નથી ?

(૩). શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદી કાયદાકીય પ્રક્રિયા અનુસર્યા વિના દાવાવાળી મિલકત નો કબ્જો વાદી પાસે થી છીનવી ગેરકાયદેસર રીતે તબદીલ કરવા પ્રયત્ન કરી રહ્યા છે ?

(૪). શું પ્રતિવાદી પુરવાર કરે છે કે વાદીના દાવાને સમયમર્યાદા નો બાધ નડે છે ?

(૫). શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

(૬). શું હુકમ અને હુકમનામું ?

દાવાના ન્યાયિક નિર્ણયસારું ઉપરોક્ત મુદ્દાઓ નીચે મુજબ નિર્ણિત કરવામાં આવેલ છે.

(૧). નકારમાં.

(૨). નકારમાં.

(૩). નકારમાં.

(૪). નકારમાં.

(૫). નકારમાં.

(૬). આખરી હુકમ મુજબ.

<u>વાદી તરફે પુરાવો</u>:-

(૪). વાદી તરફે નીચે મુજબ નો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| વિગત | આંક |
|---|---|
| ૧. વાદી શેરબાનું ઈસ્માઈલ રાયમા ના પુરાવાનું સોગંદનામું | ૧૧ |

**દસ્તાવેજી પુરાવો**

| વિગત | આંક |
|---|---|
| ૧.રે.સ.નં. ૫૬ ના ૭/૧૨ ની અસલ નકલ | ૧૧/૧ |
| ૨.રે.સ.નં. ૫૬ ના ૮-અ ની અસલ નકલ | ૧૧/૨ |
| ૩.રે.સ.નં. ૫૬ ના ગામ નમૂના નં.૧૨ ની અસલ નકલ | ૧૧/3 |
| ૪.નોધ નં.૫૦૬ ની નકલ | ૧૧/૪ |
| ૫.રજી.એડી. ની અસલ પહોચ | ૧૧/૫ |
| ૬.લીગલ નોટિસ ની નકલ | ૧૧/૬ |
| ૭.જિલ્લા કલેક્ટર ને આપેલ અરજી | ૧૧/૭ |
| ૮.લીગલ નોટિસ નો જવાબ | ૧૧/૮ |
| ૯.અસલ કવર | ૧૧/૯ |
| ૧૦.રજી.એડી. ની અસલ પહોચ | ૧૧/૧૦ |
| ૧૧.ટ્રકિંગ રિપોર્ટ ઓનલાઈન | ૧૧/૧૧ |

| | |
|---|---|
| ૧૨.રે.સ.નં.૫૬ નો ટિપ્પણ અસલ | ૧૧/૧૨ |
| ૧૩.રે.સ.નં.૫૬ નો layplan અસલ ની નકલ | ૧૧/૧૩ |
| ૧૪.વાદીના આધાર કાર્ડ ની નકલ | ૧૧/૧૪ |

(૫). ત્યારબાદ વાદી તરફે આંક- ૧૩ ક્લોઝિંગ પુરસિસ રજૂ રાખેલ છે.

**પ્રતિવાદી તરફે પુરાવો**:-

(૬). પ્રતિવાદી તરફે નીચે મુજબ નો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| વિગત | આંક |
|---|---|
| ૧.પ્રતિવાદી રમેશભાઈ એન.પટેલ ના પુરાવાનું સોગંદનામું | ૧૫ |

**દસ્તાવેજી પુરાવો**

| વિગત | આંક |
|---|---|
| ૧.ઓથોરીટી લેટર ની ખરી નકલ | ૧૮ |
| ૨.પાવર ઓફ એટર્ની ની ખરી નકલ | ૧૯ |
| ૩.મંજુર થયેલ લીઝ વાળી જમીન ની ખરી નકલ | ૨૦ |
| ૪.કબ્જા અંગેના પંચનામાં ની ખરી નકલ | ૨૧ |
| ૫.લીઝ ડીડ ની ખરી નકલ | ૨૨ |

| | |
|---|---|
| ૬.નક્શો | ૨૩ |
| ૭.૮-અ ની ખરી નકલ | ૨૪ |
| ૮.ગામ નમૂના નં.૭ ની નકલ | ૨૫ |
| ૯.હક્કપત્રક ની નોધ નં.૫૨૬ | ૨૬ |

(૭). ત્યારબાદ પ્રતિવાદી તરફે આંક-૨૯ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તર્ફે વિ.વ.શ્રી ની દલીલ સાંભળી.

<u>વાદી તરફે દલીલ</u> :-

વાદી તરફે વિ.વકીલશ્રી એ દાવા અરજીના સમર્થનમાં દલીલ કરેલ છે કે વાદી કચ્છ જિલ્લાના લખપત તાલુકાના પેટા ગામ ખારાઈ ના રે.સર્વે.નં.૫૬ જમીન હેકટર-૩-૭૨-૦૦ આરે (વાદગ્રસ્ત જમીન) ના માલિક કબજેદાર છે અને સદરહુ જમીન રેવન્યુ ખાતે ખાતા નં.૩૪ થી દાખલ થયેલ છે. પ્રતિવાદી એ વાદીની માલીકીની ખેતીની જમીનમાં થી માટી ઉપાડી લઈ જઈ આવવા જવા માટેના રાજયમાર્ગ પર ખાડો કરી રસ્તો બંધ કરી નાખેલ છે. વાદીએ કલેક્ટર સાહેબ શ્રી ને આ બાબતે અરજી કરેલ હોવા છતાં પ્રતિવાદી અલ્ટ્રાટ્રેક મોટી કંપની હોય કોઈ કાર્યવાહી કરેલ નથી. પ્રતિવાદી ગેરકાયદેસર રીતે અને બળજબરીપૂર્વક વાદગ્રસ્ત જમીન પચાવી પાડવાના મલીન ઇરાદે વાદીને ધાક ધમકી આપી ખેતરમાં થી જતાં રહેવા ધમકી આપેલ છે. આમ પ્રતિવાદીને વાદગ્રસ્ત જમીનમાં કોઈ

અધિકાર ના હોવા છતાં ગેરકાયદેસર રીતે પ્રવેશ અંતરાય કરતાં હોય વાદીને પ્રતિવાદી વિરુદ્ધ હાલનો દાવો લાવવાની ફરજ પડેલ હોય વાદીનો દાવો મંજૂર કરી માંગ્યા મુજબની દાદ આપવા દલીલ કરેલ છે.

**પ્રતિવાદી તરફે દલીલ** :-

પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી એ દાવા જવાબના સમર્થનમાં દલીલ કરેલ છે કે વાદીની જમીન સર્વે નં.પ૬ વાદીની માલીકીની છે તે બાબતે પ્રતિવાદીને કોઈ તકરાર નથી પરંતુ વાદી જે જમીન ઉપર હાથ રાખવા માંગે છે તે વાદીની નથી પરંતુ પ્રતિવાદી સંસ્થા ની છે. વાદીએ ખોટી હકીકત જણાવી દાવો દાખલ કરેલ છે અને દાવાના કામે ખોટી મનાઈ હુકમની અરજી કરેલ છે. વાદીએ વાદગ્રસ્ત જમીન ની ચર્તુદિશા ઈરાદાપૂર્વક અરજીમાં જણાવેલ નથી. વાદીએ પ્રતિવાદીને સરકારશ્રી દ્વારા લીઝ માં મળેલ જમીન ખનીજ મેળવવા ના બદઇરાદે પચાવી પાડવા ખોટી હકીકતો જણાવી ખોટો દાવો દાખલ કરેલ હોય વાદીનો દાવો ખર્ચસહ રદ કરવા દલીલ કરેલ છે.

**---કારણો--**

**મુદ્દા નંબર ૧ થી ૩**

(૮). ઉપરોક્ત મુદ્દાઓ હકીકત અને કાયદાકીય દ્રષ્ટિએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઈ હકીકતોનું પુનરાવર્તન નિવારવા એક સાથે

તેની ચર્ચા કરવામાં આવેલ છે. વાદીની દાવા અરજીની હકીકત એવી છે કે પ્રતિવાદી એ વાદીની માલીકીની ખેતીની જમીન (વાદગ્રસ્ત જમીન) માં થી માટી ઉપાડી લઈ જઈ આવવા જવા માટેના રાજયમાર્ગ પર ખાડો કરી રસ્તો બંધ કરી નાખેલ છે. આમ વાદીએ પ્રથમ દર્શનીય એ હકીકત સાબિત કરવી જરૂરી છે કે પ્રતિવાદી દ્વારા વાદીની કહેવાતી માલિકી કબ્જા ભોગવટા વાળી વાદગ્રસ્ત જમીનમાં માં ગેરકાયદેસર રીતે અપપ્રવેશ કરી વાદગ્રસ્ત જમીન માથી માટી ખોદી લઈ જઈ જાહેર માર્ગ માં ખાડો કરી વાદીનો આવવા જવાનો રસ્તો બંધ કરી નાખેલ છે. વાદી તરફે દાવા અરજીના સમર્થન માં રજૂ ગામ નમૂના નં.૭ ના ઉતારાની નકલ આંક-૧૧/૧, ગામ નમૂના નં.૮-અ (જમીન ખાતવહી) ના ઉતારાની નકલ આંક-૧૧/૨, ગામ નમૂના નં.૧૨ ના ઉતારાની નકલ આંક-૧૧/3, ગામ નમૂના નં.૬ (હકપત્રક) ની નકલ આંક-૧૧/૪ ના રેવન્યુ રેકર્ડના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો એ હકીકત ફલિત થાય છે કે રે.સર્વે.નં.૫૬ વાળી જમીનના રેવન્યુ રેકર્ડ માં વાદીનું નામ દાખલ છે અને રે.સર્વે.નં.૫૬ વાળી જમીન હેકટર-૩-૭૨-00 આરે ખાતા નં.3૪ થી વાદીના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે પરંતુ એ હકીકત પુરવાર થતી નથી કે પ્રતિવાદી દ્વારા ગેરકાયદેસર રીતે વાદગ્રસ્ત જમીનમાં અપપ્રવેશ કરી વાદીની કબ્જા ભોગવટાવાળી વાદગ્રસ્ત જમીન માથી માટી લઈ જઈ રાજયમાર્ગ પર

ખાડો ખોદી વાદીનો આવવ જવાનો રસ્તો બંધ કરી પ્રતિવાદી અંતરાય અડચણ કરી રહ્યા છે. આમ વાદી તરફે રજૂ સમગ્ર રેવન્યુ રેકર્ડના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા એ હકીકત ફલિત થાય છે કે રે.સર્વે.નં.પ૬ વાળી જમીન હેકટર-૩-૭૨-૦૦ આરે ખાતા નં.૩૪ થી વાદીના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે પરંતુ એ હકીકત પુરવાર થતી નથી કે વાદી દાવવાળી જમીનના પ્રત્યક્ષ કબ્જા ભોગવટા માં છે. દાવાના કામે પ્રતિવાદી તરફે બચાવ લીધેલ છે કે પ્રતિવાદી ક્યારેય વાદીની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરેલ નથી પરંતુ વાદી જે જમીન ઉપર હાથ રાખવા માંગે છે તે વાદીની નથી પરંતુ પ્રતિવાદી સંસ્થા ની છે. વાદીએ ખોટી હકીકત જણાવી દાવો દાખલ કરેલ છે અને દાવાના કામે ખોટી મનાઈ હુકમની અરજી કરેલ છે. વાદીએ વાદગ્રસ્ત જમીન ની ચર્તુદિશા ઈરાદાપૂર્વક અરજીમાં જણાવેલ નથી. વાદી પ્રતિવાદીને સરકારશ્રી દ્વારા લીઝ માં મળેલ જમીન ખનીજ મેળવવા ના બદઇરાદે પચાવી પાડવા ખોટી હકીકતો જણાવી ખોટો દાવો દાખલ કરેલ છે. આ તબક્કે એ નોધવું અનિવાર્ય છે દાવાના કામે વાદી કે પ્રતિવાદી દ્વારા કોર્ટ કમિશ્નર ની નિમણૂક કરી વાદગ્રસ્ત જમીન નું પંચનામું અને નક્શો તૈયાર કરી વાદગ્રસ્ત જમીન ની સાચી સ્થળ સ્થિતિ રેકર્ડ પર લાવવા અરજી કરેલ નથી. વાદીએ તેમની દાવા અરજીમાં દાવાવાળી વાદગ્રસ્ત જમીન ની ચર્તુ દિશા જણાવેલ નથી

કે વાદી દ્વારા વાદગ્રસ્ત જમીન ની સાચી સ્થળ સ્થિતિ રેકર્ડ પર લાવવા પ્રયત્ન કરેલ નથી. આમ વાદી તરફે રજૂ પુરાવાથી એ હકીકત પુરવાર થતી નથી કે પ્રતિવાદી એ વાદીની માલીકીની ખેતીની જમીન (વાદગ્રસ્ત જમીન) માં થી માટી ઉપાડી લઈ જઈ આવવા જવા માટેના રાજયમાર્ગ પર ખાડો કરી રસ્તો બંધ કરી નાખેલ છે. આમ વાદી રેકર્ડ પરના પુરાવથી એ હકીકત પુરવાર થતી નથી કે પ્રતિવાદી રે.સર્વે.નં.૫૬ વાળી જમીન માં ગેરકાયદેસર પ્રવેશ કરી વાદીની અટકાયત કરી રહ્યા છે. જેથી મુદ્દા નં .૧ થી ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. હેકટર-૩-૭૨-૦૦ આરે ખાતા નં.૩૪ પ્રથમ દર્શનીય કેસ તેમની તરફેણમાં પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે તેમજ વાદી તરફે રજૂ પુરાવાથી વાદી એ હકીકત પુરવાર કરવાંમાં નિષ્ફળ નીવડેલ છે કે સગવડતા ની સમતુલા વાદીની તરફેણમાં છે અને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ના આવે તો વાદીને નાણાં માં ભરપાઈ ના થયી શકે તેવું નુકશાન થવાની શક્યતા છે. જેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૪</u>**

વાદી એ હાલનો દાવો લાવી મોજે ગામ ખારાઈ તા.લખપત કચ્છ મધ્યે આવેલ વાદીની માલીકીની ખેતીની જમીન રે.સ.નં.૫૬ જે

રેવન્યુ ખાતે ખાતા નં.3૪ થી દાખલ થયેલ છે તેમાં પ્રતિવાદી ગેરકાયદેસર રીતે અપપ્રવેશ અંતરાય કરે કરાવે નહી તેવો આદેશ (ડેક્લેરેશન) તથા પ્રતિવાદી વિરુદ્ધ વિરુદ્ધ મનાઈહુકમ મેળવવા ની દાદ માંગેલ છે. આમ વાદીએ હાલનો દાવો ડેક્લેરેશન, તથા પ્રતિવાદી વિરુદ્દ કાયમી મનાઈ હુકમ ફરમાવવા અંગે કરેલ છે. વાદીએ તેમની દાવા અરજીમાં જણાવેલ છે કે આ કામના પ્રતિવાદી ને તા. ૨૫/૦૫/૨૨ ના રોજ આર.ટી.આઈ. મારફતે મોક્લાવેલ અરજી થી તારીખ ૧૮/૦૭/૨૦૨૩ ના રોજ લીગલ નોટિસ આપેલ થી અને નોટિસનો જવાબ તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ મળે થી દાવાનું કારણ (cause of action) ઉત્તપન્ન થયેલ છે. વાદીએ હાલનો દાવો તારીખ ૧૬/૧૨/૨૦૨૩ ના રોજ દાખલ કરેલ છે. આમ વાદીએ હાલનો દાવો લિમિટેશન એક્ટ ની જોગવાઈ મુજબ ત્રણ વર્ષની સમયમર્યાદામાં દાખલ કરેલ હોવાનું પ્રથમ દર્શનીય ફલિત થાય છે. આ કામે પ્રતિવાદી દ્વારા વાદીનો દાવો કેવી રીતે સમયમર્યાદમાં નથી તે બાબતે દાવા જવાબ માં કોઈ સ્પષ્ટિકરણ કરેલ નથી કે વાદીનો દાવો સમયમર્યાદામાં ના હોવા બાબતે કોઈ વિરુદ્ધ નો પુરાવો રજૂ કરેલ નથી. હોય મુદ્દા નં. ૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર ૫ અને ૬.**

દાવાના કામે વાદી દ્વારા દાદ માંગવામાં આવેલ છે કે

વાદી દાવાવાળી જમીનના કાયદેસર કબ્જેદાર છે અને પ્રતિવાદીઓ ને તે જમીન પર કોઈપણ જાતના હક્ક અધિકાર નથી તેવું જાહેર કરવાની તેમજ પ્રતિવાદી વિરુદ્ધ મનાઈહુકમ મેળવવા દાદ માંગેલ છે. આમ વાદીએ હાલનો દાવો દાખલ કરી પ્રતિવાદી વિરુદ્ધ જાહેરાત અને મનાઈહુકમ (Delaration and Injunction) ની દાદ માંગેલ છે. આ કામે ઉપરોક્ત મુદ્દા નં .૧ અને ૨ ના નિર્ણયમાં ચર્ચા કર્યા મુજબ વાદી તરફે રજૂ સમગ્ર રેવન્યુ રેકર્ડના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા એ હકીકત ફલિત થાય છે કે રે.સર્વે.નં.૫૬ વાળી જમીન હેકટર-૩-૭૨-૦૦ આરે ખાતા નં.૩૪ થી વાદીના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે પરંતુ એ હકીકત પુરવાર થતી નથી કે વાદી દાવાવાળી જમીનના પ્રત્યક્ષ કબ્જા ભોગવટા માં છે. આમ વાદી તરફે રજૂ પુરાવાથી એ હકીકત પુરવાર થતી નથી કે પ્રતિવાદી એ વાદીની માલીકીની ખેતીની જમીન (વાદગ્રસ્ત જમીન) માં થી માટી ઉપાડી લઈ જઈ આવવા જવા માટેના રાજયમાર્ગ પર ખાડો કરી રસ્તો બંધ કરી નાખેલ છે. આમ વાદી રેકર્ડ પરના પુરાવથી એ હકીકત પુરવાર થતી નથી કે પ્રતિવાદી રે.સર્વે.નં.૫૬ વાળી જમીન માં ગેરકાયદેસર પ્રવેશ કરી વાદીની અટકાયત કરી રહ્યા છે. આમ વાદી તરફે રેકર્ડ પર રજૂ સમગ્ર પુરાવો વંચાણે લેતા વાદી એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે પ્રતિવાદી દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર રીતે અપપ્રવેશ કરી વાદી

ને અડચણ અંતરાય કરે છે. જેથી મુદ્દા નં. ૫ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**---હુકમ---**

(૧). વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨). દાવાનો ખર્ચ પક્ષકારો એ જાતે ભોગવવો.

(૩). હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૨૯-એપ્રિલ- સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. દયાપર. (જીગર દિલીપભાઇ ત્રિવેદી)

પ્રિન્સિપાલ સિવિલ જજ,દયાપર.

તારીખ- ૨૯/૦૪/૨૦૨૬ કોડનંબર-જી.જે-૦૧૦૬૩.